# MASSIVE BLOOD TRANSFUSION IN PPH

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 21-12-2021

▪ ઝાયડસમાંથી એક જ રાતમાં 15 યુનિટ લોહી લેવામાં આવ્યું | ▪ પરિવાર ગરીબ હોવાથી લબાના સમાજે ખર્ચ ઉપાડ્યો | ▪ જીવ બચાવવા સર્જરી કરી ગર્ભાશય કાઢવાની ફરજ પડી

## દાહોદમાં મેસિવ બ્લડ ટ્રાન્સફ્યુઝન થેરેપીથી યુવતીનો જીવ બચાવાયો

### પ્લેઝેન્ટા એક્રેટાની સ્થિતિમાં બચવાની શક્યતા ઓછી હતી, તબીબની મહેનત રંગ લાવી

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ શહેરમાં 23 વર્ષીય ગર્ભવતી યુવતીને લોહી શરૂ થઇ જતાં અંતે દાહોદના દવાખાનામાં મેસિવ બ્લડ ટ્રાન્સફ્યુઝન થેરેપીથી યુવતીનો જીવ બચાવવામાં આવ્યો હતો. યુવતીને એક જ રાતમાં 15 યુનિટ બ્લડ ચઢાવીને તેનું બ્લડપ્રેશર કંટ્રોલ કર્યા બાદ ઓપરેશન કરીને ગર્ભાશય કાઢી નાખવાની ફરજ પડી હતી. પ્લેઝેન્ટા એક્રેટાની આ સ્થિતિમાં બચવાની શક્યતા ઓછી હતી પણ તબીબે આખી રાત કરેલી મહેનત રંગ લાવી હતી.

દાહોદ શહેર નજીક મધ્ય પ્રદેશના સેજેલી મોટા ટોલા ગામની 23 વર્ષીય ગર્ભવતી યુવતીને ગર્ભાશયમાંથી અચાનક રક્તસ્ત્રાવ શરૂ થઇ ગયો હતો. લોહી એટલુ વહેવા લાગ્યું હતુ કે તાત્કાલિક વડોદરા ખસેડાઇ હતી. ત્યાં પાંચ દિવસ દાખલ રહેતાં 7 યુનિટ લોહી ચઢાવાયુ હતું. બચવાની શક્યતા ઓછી હોવાથી ત્યાંથી રજા લઇને દાહોદમાં ડૉ.રાહુલ પડવાલના દવાખાને દાખલ કરાઇ હતી. રાહુલ પડવાલ અને તેમની ટીમે સારવાર શરૂ કરી હતી. રક્તસ્ત્રાવ ખુબ જ ઝડપી અને સતત થઇ રહ્યો અહીં 24 કલાકમાં 10 યુનિટ લોહી ચઢાવવું પડ્યું હતું. વેન્ટીલેટર ઉપર મુકાયેલી યુવતીનું બ્લડપ્રેશર 90 થવાની રાતના 12.30 વાગ્યા સુધી રાહ જોવાઇ હતી. ઓપરેશન બાદ યુવતીનું ગર્ભાશય કાઢી નખાયુ હતું. યુવતી પર મેસિવ બ્લડ ટ્રાન્સફ્યુઝન થેરાપી કરાઇ હતી. આ સ્થિતિમાં સતત લોહી આપવું પડે છે. સમગ્ર સારવાર માટે 22 યુનિટ લોહીની જરૂર હતી. સમાજના 15 યુવકોએ લોહી આપવા ઝાયડસ બ્લડબેંકમાં કતાર લગાવી દીધી હતી. સારવારમાં 5થી 10 લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. યુવતીના પરિવારની આર્થિક સ્થિતિ બહુ સારી ન હોવાથી લબાના સમાજના લોકોએ ગુપ્ત દાન દ્વારા સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉપાડી લીધો હતો. હવે યુવતી ખતરાની બહાર છે.



મેસિવ બ્લડ ટ્રાન્સફ્યુઝન થેરેપીથી જીવ બચ્યો હતો તે યુવતી.

**આને ઓસ્ટેટ્રિક હિસ્ટરેક્ટમી કહેવાય છે**

"ઓપરેશન બાદ અમે આખી રાત નજર રાખી હતી. કોઇપણ સારવારથી રક્તસ્ત્રાવ બંધ કરી શકાયુ ન હતું. યુવતીને પ્લાન્ઝેન્ટાનો ભાગ પેશાબની થેલી સુધી પહોંચી ગયો હતો. અંદર ઇન્ફેક્શન પણ થયું હતું. તેથી પ્લેસેન્ટા એક્રેટા સ્થિતિમાં હતી. આ એક એવી સ્થિતિ છે જેને ઓસ્ટેટ્રિક હિસ્ટરેક્ટમી કહેવાય છે. આમાં, ગર્ભાશયને દૂર કરવું એ સારવારનો છેલ્લો વિકલ્પ હોય છે. યુવતીને પહેલાથી જ બે બાળકો છે. દર્દીના સબંધિઓએ બંને પરિસ્થિતિમાં જે પૈસા આપ્યા તે સ્વીકારી લીધા હતાં."
ડૉ.રાહુલ પડવાલ, [illegible]

### ઓપરેશન બાદ પણ મહિલાનું આખી રાત નિરીક્ષણ કરાયું હતું

મહિલાની બ્લડ ટ્રાન્સફ્યુઝન થેરેપી કરાઇ હતી. આ સ્થિતિમાં સતત લોહી ચઢાવવું પડે છે. રક્તસ્ત્રાવ સતત અને ઝડપી થઇ રહ્યું હતું. રાતના સાડા બાર વાગ્યા પછી ઓપરેશન શરૂ કરાયું હતું. ઓપરેશન બાદ ડોક્ટર અને તેમની ટીમ આખી રાત નિરીક્ષણ કરતી રહી હતી. આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે ખબર જોવક આવતા સમાજના લોકો બંધ કવરમાં મહિલાને રૂપિયા આપી જતા હતા. દાહોદ જિલ્લામાં લબાના સમાજ મોટું છે અને ઝાબુઆ જિલ્લામાં પણ તેમની મોટી સંખ્યા છે. એકબીજાને મદદ કરવાની આ સમાજમાં પરંપરા છે. સમાજની આ પહેલને બિરદાવવામાં આવી હતી.

---

दैनिक भास्कर झाबुआ 20-12-2021

## झाबुआ-आलीराजपुर भास्कर

थांदला › पेटलावद › जोबट › चंद्रशेखर आज़ाद नगर › राणापुर › मेघनगर

इंदौर, सोमवार, 20 दिसंबर, 2021 | पौष कृष्ण पक्ष-प्रतिपदा, 2078



### 23 साल की गर्भवती के लिए गांव के युवकों ने दाहोद पहुंचकर 15 यूनिट रक्तदान किया

परिवार गरीब, लबाना समाज के लोगों ने मदद कर सारा खर्च उठाया, दाहोद में हुई सर्जरी

मंडे पॉजिटिव

ऑपरेशन के बाद भी तमाम निगरानी करते रहे डॉक्टर

प्लेसेंटा एक्रेटा कंडीशन, इसमें बचने के चांस काफी कम